# જાહેરાત અને નિયમો

સરસ્વતી ગ્રામવિદ્યાપીઠ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ સંલગ્ન શ્રી. મો. હ. પટેલ ગ્રામસેવા મહાવિદ્યાલય, સમોડા-ગણવાડા (બી.આર.એસ કોલેજ) માં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તારીખ ૦૭/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ એન.ઓ. સી. ક્રમાંક: ગ્રા.વિ./NOC/૨૩/૬૦૩-૦૫ મુજબ નીચે મુજબના સ્ટાફની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | વય મર્યાદા | પગારધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧. | અધ્યાપક (પશુપાલન) | ૧ (એક) | એમ.વી.એસ.સી એન્ડ એ.એચ. ૫૫ ટકા ગુણ, એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ | સા.શૈ.પ | ૩૭ વર્ષ (આ જગ્યા અનામત કેટેગરીની હોઈ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમનુસાર પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર) | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે ૩૮૦૯૦/- ફિક્સપગાર મળવાપાત્ર થશે. |
| ૨. | અધ્યાપક (માનવવિદ્યા) | ૧ (એક) | એમ.એ. ૫૫ ટકા ગુણ / એમ.એસ.સી. ૫૫ ટકા ગુણ અર્થશાસ્ત્ર/ઇતિહાસ/ સમાજશાસ્ત્ર રાજનીતિ/ ગાંધીવિચારધારા/ હોમ સાયન્સ/ પર્યાવરણશાસ્ત્ર | બિન અનામત | ૩૭ વર્ષ | |

૧. ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩/૦૮/૨૦૦૮ તેમજ ૧૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સીઆરસી-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ.થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેજીક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર માર્કશીટ ધરાવતા હોવા જોઈએ.અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં ડીગ્રી કે ડીપ્લોમા અથવા સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦/૧૨ માં એક વિષય હોવા જોઈએ..આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણુંક સતાધિકારી સમક્ષ કોમ્પ્યુટર બેજીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચુક રજુ કરવાનું રહેશે..અન્યથા નિમણુંક સતાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી “રદ” કરી શકશે

Shri M.H. Patel Gramseva Mahavidyalaya Samoda-Ganwada
Zone-93
Code-54
Ta.Siddhpur
Dist. Patan.

I/C. Principal
Shri M.H.Patel Gramseva
Mahavidyalaya
Samoda-Ganwada

૨. નાણા વિભાગના તારીખ ૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૬/પાર્ટ ૨/ઝ/૧ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવા પાત્ર થશે, વધારાના કોઈજ ભથ્થા મળવા પાત્ર નથી.

૩. આ જગ્યા પર નિમણુંક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજીયાત રહેવાનું રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.

૪. આ જગ્યા પર નિમણુંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૧/૪/૯૪ ના ઠરાવથી ગ્રામવિદ્યાપીઠના કર્મચારી માટે નિયત થયેલ આચાર સહીતાનું પાલન કરવાનું રહેશે. અને તે માટેનું બાહેધરી પત્ર નિમણુંક મેળવતા પહેલા આપવાનું રહેશે.

૫. પાંચ વર્ષ માસિક ઉચ્ચ પગારની નોકરી પૂર્ણ થયેલ તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુંક આપવામાં આવશે.પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવાવિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહિ.તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહિ.

૬. આ જગ્યા હેઠળ નિમણુંક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણાવિભાગના તારીખ ૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નંપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી તથા તેને અનુસંગિક ઠરાવોને આધિનવવર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

૭. જો ગ્રામવિદ્યાપીઠમાં સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણોસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલા કર્મચારીઓને છુટા કરવામાં આવશે અને તેને ફાજલનું રક્ષણ મળી શકશે નહિ.

૮. આ જગ્યા હેઠળ નિમણુંક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવાની થતી હોઈ તેવી ફરજો બજાવાની રહેશે. તે માટે કચેરીમાં જે સમય નિયત હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહિ. જાહેર રજાના દિવસોએ પણ સરકારશ્રી/સંસ્થાની કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૯. આ જગ્યા હેઠળ નિમણુંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, અથવા સરકારશ્રીના વખતોવખતના નિયમો અનુસાર જાહેર રજા અને ગ્રામવિદ્યાપીઠના વેકેશન શિવાયની કોઈપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહિ તે શિવાય અન્ય રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસૃતિ રજાઓ મળવાપાત્ર થશે.

Shri M.H.Patel Gramseva Mahavidyalaya Samoda-Ganwada
Zone-93
Code-54
Ta.Siddhpur
Dist. Patan.

I/C. Principal
Shri M.H.Patel Gramseva
Mahavidyalaya
Samoda-Ganwada

૧૦. પાંચ વર્ષના સમયગાળાના ઉચકવેતનથી નિમણુંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક પ્રાપ્ત થશે નહિ.

૧૧. ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમ્યાન સા. વ. વિ. ના તા. ૩૦/૦૯/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૨. ઉમેદવારે શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ અરજી કરવાની રહેશે.

૧૩. દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સબંધિત વિભાગ/ ખાતાના કચેરીના વડાની સાથે પરામર્શ કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

૧૪. ઉમેદવારે કરેલ અરજીની કોઈપણ વિગતો ખોટી કે ક્ષતિયુક્ત માલુમ પડશે તો ઉમેદવારી રદ કરવામાં આવશે.

૧૫. નિમણુંક પામેલ કર્મચારીની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત ના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સલગ્ન યુનિવર્સીટી/ રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજુરી/પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જ કરી શકાશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચૂક કરવાની રહેશે.

૧૬. સરકારશ્રીની ભરતી માટે કોઈપણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહિ.

૧૭. નિયત શૈક્ષણિક લાયકાત અને ફી સિવાયની અને સમયમર્યાદા પછી આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહિ.

૧૮. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈપણ જરૂરી શરતો નક્કી થાય તે બંધનકર્તા રહેશે.

શૈક્ષણિક લાયકાત:

| | |
|---|---|
| અધ્યાપક (પશુપાલન): | એમ.વી.એસ.સી એન્ડ એ.એચ. ૫૫ ટકા ગુણ, એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ. |
| અધ્યાપક (માનવવિદ્યા): | એમ.એ. ૫૫ ટકા ગુણ / એમ.એસ.સી. ૫૫ ટકા ગુણ |
| | અર્થશાસ્ત્ર/ઈતિહાસ/ સમાજશાસ્ત્ર રાજનીતિ/ ગાંધીવિચારધારા/ હોમ સાયન્સ/ પર્યાવરણશાસ્ત્ર |

Shri M.H.Patel Gramseva Mahavidyalaya Samoda-Ganwada
Zone-93
Code-54
Ta.Siddhpur
Dist. Patan.

I/C. Principal
Shri M.H.Patel Gramseva
Mahavidyalaya
Samoda-Ganwada

પરીક્ષા પધ્ધતિ:

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : ભરત /૧૦૨૦૨૩/૬૩૮૯૭/ક થી સીધી ભરતીથી ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ-OMR/ MCQ- COMPUTER BASED RESPONSE( CBRT) પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા PART-A અને PART-B એમ બે ભાગમાં લેવામાં આવશે.

PART-A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧. | તાર્કિક કસોટીઓ તથા DATA INTERPRETATION | ૩૦ |
| ૨. | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

PART-B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧. | બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨. | સબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

૧. Part -A –માં કુલ ૬૦ પ્રશ્નો અને Part -B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પુછવામાં આવશે. Part -A –અને Part -B બંને માટે સંયુકત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય આપવામાં આવશે.

૨. Part -A –અને Part -B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.

૩. ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ નહીં પડે.

૪. સ્પર્ધાત્મક પરીક્ષાના Part -A –અને Part -B ના બંને માટે સ્વતંત્ર ૪૦ % Qualifying Standard રહેશે. તે થી ઓછું Qualifying Standard નકકી કરવામાં આવશે નહી.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના Part -A –અને Part -B.ના બંને કુલ ગુણ ૨૧૦માંથી સૌથી વધુ ગુણ (પરંતુ બંનેમાં ૪૦ % ગુણ હોવા જરૂરી ) હશે તેવા ઉમેદવાર પસંદગીને પાત્ર બનશે. તેનાથી બીજા ક્રમના પ્રતિક્ષા યાદીમાં રહેશે.

Shri M.H. Patel Gramseva Mahavidyalaya Samoda-Ganwada
Zone-93
Code-54
Ta. Siddhpur
Dist. Patan.

I/C. Principal
Shri M.H.Patel Gramseva
Mahavidyalaya
Samoda-Ganwada

## અભ્યાસક્રમ: PART B

| વિષય: પશુપાલન | | |
|---|---|---|
| ક્રમ | વિભાગ | ગુણ |
| ૧. | બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨. | સબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | પશુપાલન | |
| ૧. | ગ્રામવિકાસમાં પશુપાલનનું મહત્વ | |
| ૨. | ગુજરાતની ગોવંશીય ઓલાદોની વિગતે અભ્યાસ(ગીર, કાંકરેજ, ડાંગી) | |
| ૩. | પરદેશી દુધાળ ગાયોની ઓલાદોનો અભ્યાસ, ભારતીય ભેંશોની ઓલાદોની વિશેષતાઓ- મહત્વ | |
| ૪. | ભારતીય ગાયોની ઓલાદો, વિશેષતાઓ અને વર્ગીકરણ | |
| ૫. | વાગોળતા પશુઓનું પાચનતંત્ર તેની રચના અને થતી ક્રિયાઓ | |
| ૬. | પશુને દૈનિક ચાર અને ખાણદાણની જરૂરિયાત અને ખનીજ મિશ્રણ- ખોરાકના ધોરણો | |
| ૭. | લીલા-સુકા ચારાને સાચવવાની જુદી જુદી પદ્ધતિ અને સંગ્રહ. સાયલેજ-પ્રક્રિયા- લાભાલાભ. હેલેજ- લીલા-સુકા ચારાની જાળવણી. યુરીયા ટ્રીટમેન્ટ- રીત, પ્રક્રિયા, લાભાલાભ. અગ્રો ફોરેસ્ટ્રીનું મહત્વ. | |
| ૮. | નર/માદા પ્રજનન તંત્રની રચના અને કાર્યો | |
| ૯. | ઋતુચક્ર (ગાય-ભેંસનું) અને માદાને ફેળવવાનો આદર્શ સમય. | |
| ૧૦. | પશુ રોગ અને સારવાર. જીવાણું જન્યરોગો: ગળસુઢો, સરાળવુ. વિષાણું જન્યરોગો: ખરવા મોવાસા, હડકવા. ચયાપચયની ખામીથી થતા રોગો: મિલ્કફીવર, કીટોસીસ. ફૂગ જન્યરોગો: દાદર(રિંગવર્મ), ફુગથી થતી ગાંઠ. પરોપજીવી જન્યરોગો: થાયલેરીયાસીસ, બેબી સીયોસીસ, સરરા. | |
| ૧૧. | સામાન્ય દર્દો: આફરો, ધામાં કીડા પાડવા, આંખ આવવી, ગરમીમાં ના આવવું, ઉથલા મારવા, માટી ખસવી, લોહી નીકળવું, મેલી ન પડવી, વિયાણ.પછી બાવલો સોજાવો. | |
| ૧૨. | દુધની વ્યાખ્યા અને માનવ ખોરાકમાં દુધની બનાવતો નું મહત્વ. | |
| ૧૩. | ડેરી ઉદ્યોગ- સહકારી ડેરી ઉદ્યોગનો ઈતિહાસ, માળખું, ગુજરાતમાં ડેરી ઉદ્યોગના વિકાસની ઐતહાસિક વિકાસ યાત્રા | |
| ૧૪. | ઓપરેશન ફ્લડ યોજના, દૂધનું બંધારણ, સમસ્થીતીકરણ, પેસ્ચ્યુંરાઈઝેશન. | |
| ૧૫. | દૂધ ઉત્પાદક સહકારી મંડળી, રચના, વહીવટી પ્રક્રિયા, રજીસ્ટ્રેશન, મંત્રી, પ્રમુખ અને સ્ટાફના કાર્યો. | |

Shri M. H. Patel Gramseva Mahavidyalaya Samoda-Ganwada
Zone-93
Code-54
Ta.Siddhpur
Dist. Patan.

Principal
M.H.Patel Gramseva
Mahavidyalaya
Samoda-Ganwada

અભ્યાસક્રમ: PART B

| વિષય: માનવવિદ્યા | | |
|---|---|---|
| ક્રમ | વિભાગ | ગુણ |
| ૧. | બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨. | સબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| માનવવિદ્યા | | |
| ૧. | અર્થશાસ્ત્રની વ્યાખ્યા, આધુનિક અર્થશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યાઓ, માનવજરૂરિયાતના લક્ષણો માનવ જરૂરિયાતનું વર્ગીકરણ, માંગનો અર્થ માગનો નિયમ, પુરવઠાનો અર્થ પુરવઠાનો નિયમ. | |
| ૨. | ફુગાવાની વ્યાખ્યાઓ, ફુગાવાના કારણો, યુધ્ધ ખર્ચ, આર્થિક વિકાસ, કુદરતી આફતો, વસ્તી વધારો, વધેલ ખર્ચ સામે આવક વધારવાનો પ્રયત્ન, ફુગાવાની અસરો. | |
| ૩. | સમાજલક્ષી મનોવિજ્ઞાનની વ્યાખ્યા અને સમજુતી, સમાજલક્ષી મનોવિજ્ઞાનું સ્વરૂપ, સામાજિક અને બોધાત્મક પ્રકિયાઓનો વૈજ્ઞાનિક અભ્યાસ, સમાંજલક્ષી મનોવિજ્ઞાનનું અભ્યાસક્ષેત્ર જુથની વ્યાખ્યા અને સમજુતી, જુથનું સ્વરૂપ, જુથના કાર્યો, સત્તા પ્રત્યે આજ્ઞાકિંતતા, ટોળું વ્યાખ્યા અને પ્રકારો | |
| ૪. | ગ્રામિણ સમાજશાસ્ત્રનો અર્થ, વ્યાખ્યા અને ક્ષેત્રો, ગ્રામિણ સમાજશાસ્ત્રનું મહત્વ, ગ્રામિણ સમાજશાસ્ત્રની ઉત્પત્તિ અને વિકાસ, ગ્રામિણ સમુદાયનો અર્થ, ગ્રામિણ સમુદાયની વિશેષતાઓ, ગ્રામિણ સમુદાયનું મહત્વ, ગ્રાંમિણ અને શહેરી સમુદાયનો તફાવત, ગ્રામિણ સમુદાયમાં આવતા પરિવર્તન અને તેના કારણો | |
| ૫. | પંચાયતી રાજનો અર્થ, પંચાયતી રાજના હેતુ –ઉદ્દેશ્ય, ૭૩માં બંધારણીય સુધારા પહેલાનું પંચાયતી રાજ, ૭૩મો બંધારણીય સુધારો, ૭૩માં બંધારણીય સુધારા બાદ પંચાયતી રાજ, ગુજરાતમાં પંચાયતી રાજનું ત્રીસ્તરીય માળખું. | |
| ૬. | ગ્રામિણ જ્ઞાતિ વ્યવસ્થા –અર્થ સ્વરૂપ, લક્ષણો-લાભાલાભ, જજમાની વ્યવસ્થા – અર્થ, વ્યાખ્યા, મહત્વ, લાભાલાભ | |
| ૭. | ૧૯મી સદી દરમ્યાન સામાજીક અને ધાર્મિક સુધારણાની ચળવળ : બ્રહમો સમાજ ,પ્રાર્થના સમાજ, રામકૃષ્ણ મિશન, ભારતના સામાજીક સુધારાઓમાં ગાંધીજીનું પ્રદાન, આધુનિક શિક્ષણની ભારતીય સમાજ ઉપર અસર | |
| ૮. | સંધુખીણના સમાજની વિશેષતાઓ, નગર રચના, સામાજીક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ વૈદિક યુગના સમાજની વિશેષતાઓ, સમાજજીવન, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ, વેદોનો પરિચય, અનુવૈદિક યુગનું સાહિત્ય, ઉપનિષદોના પરિચય, રામાયણ, મહાભારત ભારતના સામાજીક ઘડતરમાં ફાળો | |
| ૯. | ખેતીની નીચી ઉત્પાદકતાના કારણો, ખેતીની નીચી ઉત્પાદકતા નિવારણના ઉપાયો, અંગ્રેજ સમય દરમ્યાનની જમીન મહેસુલ પધ્ધતિઓ –તેના લાભ અને મર્યાદાઓ. આઝાદી બાદ જમીન સુધારણા તેના હેતુઓ, જમીન સુધારાનું સ્વરૂપ, ૧૯૭૨ની જમીનની ટોચ મર્યાદાનો કાયદો, જમીન સુધારાની સિધ્ધીઓ અને મયાર્દાઓ, નીતિ આયોગ –નીતિ આયોગમાં કૃષિ ક્ષેત્ર. | |

Shri M.H. Patel Gramseva Mahavidyalaya Samoda-Ganwada
Zone-03
Code-54
Ta. Siddhpur
Dist. Patan.

I/C. Principal
Shri M.H.Patel Gramseva
Mahavidyalaya
Sameda-Ganwada

| | |
|---|---|
| ૧૦. | સહકારનો અર્થ અને વ્યાખ્યા, સહકારના સિધ્ધાંતો (૧૯૯૫), સહકારી મંડળીની રચનાની પધ્ધતિ, સહકારી મંડળીમાં સામાન્ય સભા, પ્રકારો, કાર્યો, સહકારી મંડળીમાં પ્રમુખ, મંત્રી, વ્યવસ્થાપક સમિતિનાં કાર્યો ફરજો. |
| ૧૧. | ગ્રામિણ ભારતમાં સ્વૈચ્છિક સંગઠનો સ્વરૂપ અને પ્રકાર, સ્વૈચ્છિક સંગઠનોના કેટલાક સફળ અનુભવો: ચેતના, સેવા, સેવારૂરલ |
| ૧૨. | મનોવલણની વ્યાખ્યા અને તેનું સ્વરૂપ મનોવલણ રચના, મનોવલણમાં પરિવર્તન પૂર્વગ્રહ ની વ્યાખ્યા, અંતગત તત્વો, પૂર્વગ્રહના પરિણામ, પૂર્વગ્રહ ઘટાડવાના ઉપાયો |
| ૧૩. | લોકશાહી, લોકશાહીના પ્રકાર, કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર |
| ૧૪. | ભારતની સામાજિક સમસ્યાઓ-સ્વરૂપ, કારણો અને ઉપાય |
| ૧૫. | નીતિ આયોગ |

રાષ્ટ્રીયતા :

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈની મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

પગાર ધોરણ:

પ્રથમ પાંચ વર્ષમાટે માસિક ફિક્ષ પગાર રૂપિયા ૩૮૦૯૦/- (સરકારશ્રીના વખતોવખતના નિયમો અનુસાર ફેરફાર થવા પાત્ર છે.

**અરજીનું સરનામું:**

ઉમેદવારે અરજી સાથે ૧૦૦ રૂપિયા પ્રોસેસિંગ ફીનો ડીડી "આચાર્યશ્રી મો.હ.પટેલ ગ્રામસેવા મહાવિદ્યાલય સમોડા-ગણવાડા" ના નામનો જોડવાનો રહેશે.

**અરજી કરવાનું સરનામું:**

આચાર્યશ્રી/નિયામકશ્રી,

મો.હ.પટેલ ગ્રામસેવા મહાવિદ્યાલય,

સમોડા-ગણવાડા, તા.સિધ્ધપુર,જિ.પાટણ(ઉ.ગુ.)

પીન.કો. ૩૮૪૧૫૧

Shri M.H.Patel Gramseva Mahavidyalaya Samoda-Ganwada
Zone-93
Code-54
Ta.Siddhpur
Dist. Patan.

I/C. Principal
Shri M.H.Patel Gramseva
Mahavidyalaya
Samoda-Ganwada